## ખાંભાના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ખાંભા

GJAM040008722025

ફોજદારી કેસ નં. ૪૮૮/૨૦૨૫

આંક– ૨૬

ફરીયાદી :– શ્રી સરકાર

–– વિરુધ્ધ ––

આરોપીઓ :– ૧) હિંમતભાઈ દુદાભાઈ જોગદીયા

૨) દુદાભાઈ હરસુરભાઈ જોગદીયા

૩) ભાનુબેન રમેશભાઈ જોગદીયા

રહે. તમામ વાંગધ્રા, તા. ખાંભા, જી. અમરેલી

**ગુન્હો:– બી.એન.એસ.ની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબ**

---

//સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી એચ.એમ. ત્રિવેદી//

//આરોપીઓ તરફે વિ.વકીલશ્રી આર.આર. હરીયાણી//

---

**–: <u>કમીટલ આદેશ</u> :–**

૧. આ કામે ફરીયાદીની ફરીયાદ ખાંભા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧૧૯૩૦૨૭૨૫૦૨૭૫/૨૦૨૫ થી આ કામના આરોપીઓ સામે નોંધાયેલ, જેની તપાસ કરી આરોપીઓ સામે બી.એન.એસ.ની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં તા. ૩૦/૦૯/૨૦૨૫ ના રોજ દાખલ કરેલ છે. ત્યારબાદ ફરીયાદી દવારા રજુ થયેલ આંક– ૨૦ ની અરજી અન્વયે હાલના કેસની ક્રોસ

ફરીયાદ ખાંભા પો.સ્ટે. ગુના રજી. નં. ૧૧૧૯૩૦૨૭૨૫૦૨૭૪/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) તથા એટ્રોસીટી એકટની કલમ ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(વીએ) મુજબની હોય, જે કેસ હાલમાં નામ. થર્ડ એડીશ્નલ સેશન્સ કોર્ટ, ધારીમાં પેન્ડીંગ છે. આમ, બંને ફરીયાદો એક જ બનાવમાંથી ઉદભવેલ છે. જેથી બંને કેસોની કાર્યવાહી એક જ કોર્ટમાં ચલાવી શકાય તે હેતુથી તથા બી.એન.એસ.એસ.ની કલમ ૩૬૨ વંચાણે લઈ હાલનો કેસ નામ. થર્ડ એડીશ્નલ સેશન્સ કોર્ટ, ધારીમાં કમીટ કરવામાં આવેલ છે.

૨. આ કામે બી.એન.એસ.એસ. કલમ ૨૩૦ મુજબ ચાર્જશીટ તથા પોલીસ તપાસના તમામ કાગળોની નકલો આરોપીઓને પુરી પાડવામાં આવેલ છે. આરોપીઓને પુછતા તેઓએ ખાનગી વકીલ રોકવાના હોય, સરકારી ખર્ચે વકીલશ્રીની મદદ મેળવવા માંગતા નથી તેવું આંક– ૨૧ થી ૨૩ ના નિવેદનમાં જણાવેલ છે તેમજ આંક– ૨૪ ની પુરસીસ આપી જાહેર કરેલ છે. તેમજ આરોપીઓના જામીનદારે નામ. સેશન્સ કોર્ટમાં જામીન તરીકે ચાલુ રહેવા અંગે આંક– ૨૫ ની પુરસીસ આપી જાહેર કરેલ છે.

૩. આમ, હાલના કેસની ફરીયાદ તેમજ ક્રોસ ફરીયાદ એક જ બનાવમાંથી ઉદભવેલ હોય તથા બી.એન.એસ.એસ.ની કલમ ૩૬૨ વંચાણે લઈ બંને કેસોની કાર્યવાહી એક સાથે એક જ કોર્ટમાં ચલાવવી હિતાવહ હોય, આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના આરોપીઓ સામેનો કેસ બી.એન.એસ.એસ.ની કલમ ૩૬૨ મુજબ નામ. થર્ડ એડીશ્નલ સેશન્સ કોર્ટ, ધારીને કમીટ કરવામાં આવે છે.

(૨) કેસનું રેકર્ડ તથા મુદ્દામાલ તાત્કાલિક સદરહું કોર્ટને મોકલી આપવો.

(૩) કેસ કમીટ કર્યા અંગેની જાણ પબ્લિક પ્રોસીકયુટરશ્રીને કરવી.

(૪) આ કામના આરોપીઓએ નામ. થર્ડ એડીશ્નલ સેશન્સ કોર્ટ, ધારી મુકામે પોતાના જામીનદાર સાથે તા. ૧૬/૧૦/૨૦૨૬ ના રોજ ૧૦:૩૦ કલાકે હાજર રહેવું.

હુકમ આજરોજ તા. ૧૯ 'મી, માહે– ઓગષ્ટ, સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ– ખાંભા
તા. ૧૯/૦૮/૨૦૨૬

**(એન.એસ. પટેલ)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**ખાંભા**
**જીજે ૦૧૭૨૭**